**અમદાવાદના એડીશનલ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબ (કોર્ટ નં.૧૦) ની કોર્ટમાં, અમદાવાદ.**

**ફો.કેસ નં. ૯૮૩૫૧/૨૦૧૯**

**<u>ફરીયાદી :</u>** **સરકારશ્રી**

**વિરૂધ્ધ**

**આરોપી :** **મનોજભાઈ કાંતિભાઈ પટણી**

**<u>:– જજમેન્ટ:–:</u>**

આરોપીએ બનાવની તારીખે પોતાના હવાલાવાળી રેકડી /વાહન ટ્રાફીકને અડચણ થાય તે રીતે ઉભુ રાખી આ અદાલતની હકુમતમા <u>ઈ.પી.કો. ક. ૨૮૩</u> મુજબનો ગુનો કરેલ હોઈ આ અદાલતમા ચાર્જશીટ રજુ થયેલ છે. આરોપીએ કબુલાત પુરસીસમાં ગુનો કબુલ રાખેલ છે. જે સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરેલ હોવાની ખાત્રી કરી આ તેમનો પ્રથમ ગુનો હોઈ ગરીબ માણસો હોઈ આર્થિક પરીસ્થિતી અને નબળા સંજોગો ધ્યાનમાં રાખી ઓછો દંડ કરવા અરજ કરેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટનો ન્યાયમુર્તિ શ્રી જે.એન. ભટ્ટ સાહેબનો ચુકાદો લક્ષમા રાખી ઓછામા ઓછી સજા દંડ કરવા અરજ કરેલ છે. જેથી નીચે મુજબ હુકમ કરુ છુ.

**<u>:: હુકમ :</u>**

આરોપીને ક્રિ.પ્રો.કોડ કલમ–૨૫૨ અન્વયે ઈ.પી.કો. ક. ૨૮૩ ના ગુનાના ભંગ બદલ રુા.૧૦૦/– દંડ તથા કોર્ટ ઉઠતા સમય સુધીની સજા કરવામા આવે છે. આરોપીની ઉંમર જોતા તેમજ તેમના પરની જવાબદારી ધ્યાને રાખતા તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો State Of Gujarat Versus Natwar Harchandji Thakor 2005 (1) GLR 709 : 2005 (1) GCD 749 લક્ષમા રાખતા સજા કરવામા આવતી નથી.જો આરોપી દંડ ન ભરે તો દિન–૫ (પાચ)ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે. મુદામાલ યોગ્ય ઓળખ લઈ આરોપીને પરત સોપવુ.

આજરોજ તા. ૦૮ / ૦૨ / ૨૦૨૦ ના રોજ વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

| | | |
|---|---|---|
| | | ( મોઢ વિનયકુમાર દશરથલાલ ) |
| તા. ૦૮ –૦૨– ૨૦૨૦ | | એડીશનલ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ (કોર્ટ નં.૧૦)<br>અ મ દા વા દ. |
| | | કોડ નંબર જી.જે. ૦૦૧૦૩૩ |